## સંક્ષિપ્ત સમાચાર

### કીમમાં મોપેડ સાથે અકસ્માત બાદ રિક્ષા પલટી


કિરણ ઢોડિયા

કીમ: ઓલપાડના કીમ ગામે બાબા સાહેબ આંબેડકર સર્કલ નજીક મુસાફરો ભરેલી રિક્ષા અને મોપેડ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ટર્ન લઈ રહેલી મોપેડ સાથે અથડાયા બાદ રિક્ષા પલટી ગઈ હતી. આ ઘટનામાં રિક્ષાચાલક, બે મુસાફર અને મોપેડ સવાર મહિલા સહિત ત્રણ લોકોને ઈજા થતાં હોસ્પિટલ ખસેડાયાં હતાં. સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે.

### ભરૂચમાં દોડતી કારમાં આગ લાગી



ભરૂચ: ભરૂચના રેલવે ગોદી રોડ પર બપોરના સમયે પસાર થઈ રહેલી એક સેન્ટ્રો કારમાં અચાનક ધુમાડો નીકળ્યા બાદ વિકરાળ આગ ભભૂકી ઊઠી હતી. જોતજોતામાં આખી કાર આગની લપેટમાં આવી જતાં સ્થાનિકોમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. જો કે, કાર ચાલકે સમયસૂચકતા વાપરીને તાત્કાલિક બહાર નીકળી જતાં તેનો આબાદ બચાવ થયો હતો.

### ભરૂચમાં એમિક્સ સ્કૂલનો બસ ચાલક દારૂના નશામાં ધૂત હાલતમાં પકડાયો

ભરૂચ: નેશનલ હાઇવે-48 પર એક ખાનગી શાળાની બસના ચાલકે દારૂના નશામાં વિદ્યાર્થીઓને જોખમમાં મૂક્યાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. એમિક્સ ઈન્ટરનેશનલ સ્કૂલની મીની બસનો ડ્રાઈવર નીતિન પ્રદીપ શર્મા નશામાં ધુત હાલતમાં વિદ્યાર્થીઓને ઘરે મૂકવા નીકળ્યો હતો. આ અંગે વાલીઓ અને શાળા તંત્રમાં ભારે આક્રોશ ફેલાયો છે, જ્યારે પોલીસે તાત્કાલિક ધરપકડ કરી કાર્યવાહી શરૂ કરી છે.

### માંડવી સિવિલ કોર્ટ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની અનોખી ઉજવણી


હિતેશ પટેલ

માંડવી: વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે માંડવી સિવિલ કોર્ટ ખાતે પર્યાવરણ જાગૃતિ અને પ્રકૃતિ સંરક્ષણને પ્રોત્સાહન આપતા પ્રેરણાદાયી કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ મનીષ બુદ્ધભટ્ટી, ફેમિલી જજ કે.આઈ.બગા, વકીલ મંડળના પ્રમુખ પ્રતાપભાઈ શર્મા, રજિસ્ટ્રાર આર.કે. પરમાર, નાજર સંદીપ પંચાલ તેમજ કોર્ટ સ્ટાફ અને વકીલ મંડળના સભ્યોની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિમાં કોર્ટ પરિસરમાં ગ્રીન કવર વધારવાના સંકલ્પ સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. સિવિલ કોર્ટના વકીલમિત્રો અને સ્ટાફના સભ્યો પર્યાવરણ બચાવવાના સંદેશ સાથે પોતપોતાના ઘરેથી સાઇકલ ચલાવીને કોર્ટ ખાતે પહોંચ્યા હતા. કોર્ટ પરિસરમાં બાળકો માટે એક વિશેષ ચિત્રકામ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

### બારડોલીના જલારામ મંદિરમાં કેરીનો ભવ્ય શણગાર



બારડોલી: બારડોલી સ્થિત પ્રખ્યાત જલારામ મંદિરમાં તાજેતરમાં કેરીનો અદભૂત અને ભવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. મૂળ પુણાના અને હાલ બારડોલી ખાતે રહેતા દાતા પ્રફુલભાઈ મોહનભાઈ પટેલ દ્વારા મંદિરમાં કેરીઓનું ઉદાર હાથે દાન કરવામાં આવ્યું હતું. આ દાનમાં મળેલી કેરીઓ વડે મંદિરના સમગ્ર ગર્ભગૃહને ખૂબ જ સુંદર રીતે સજાવવામાં આવ્યું હતું. આ અનોખો શણગાર દર્શનાર્થે આવેલા હજારો ભક્તોમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

### બારડોલીમાં શ્રી ગોવિંદાશ્રમ ટ્રસ્ટ દ્વારા સતત ૧૨મા વર્ષે નોટબુક વિતરણ



બારડોલી: શ્રી ગોવિંદાશ્રમ ટ્રસ્ટ સંચાલિત શ્રી અંબિકાનિકેતન મંદિર, બારડોલી દ્વારા સતત ૧૨મા વર્ષે મોટી તથા નાની નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. નોટબુક વિતરણનું આયોજન મેનેજિંગ ટ્રસ્ટી દુષ્યંતભાઈ પટેલ, પ્રમુખ ટ્રસ્ટી દિનેશ સી. દેસાઈ તેમજ ટ્રસ્ટીઓ પંકજભાઈ જોષી અને ધનસુખભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ભગીરથ કાર્ય અંતર્ગત આસપાસની ૫૨ જેટલી સંસ્થાના ગરીબ આદિવાસી વિદ્યાર્થીઓને આવરી લેવાયા છે.

### વાંકલ રેસ્ટ હાઉસ ખાતે વૃક્ષારોપણ


વિનોદ મૈસુરીયા

વાંકલ: વાંકલ રેન્જ દ્વારા વાંકલ રેસ્ટ હાઉસ ખાતે એક ભવ્ય અને પ્રેરણાદાયી વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. રેસ્ટ હાઉસના પરિસરમાં પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાના હેતુથી આશરે ૧૦૦ જેટલા વિવિધ પ્રજાતિના વૃક્ષોનું વિધિવત વાવેતર કરવામાં આવ્યું હતું.

### સોનગઢ તા.પં.માં ફાયર સેફ્ટીનો અભાવ

સોનગઢ: સોનગઢ તાલુકા પંચાયત કચેરીમાં એક્સપાયરી તારીખ પૂર્ણ થઈ ગયેલા ફાયર એક્સ્ટિંગ્યુસર લટકતા હોવાનું સામે આવતાં સ્થાનિકોમાં ભારે રોષ છે. બોડેલી સેવા સદનની તાજેતરની આગની ઘટના બાદ પણ તંત્ર ઘોર નિદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે. દરરોજ સેંકડો અરજદારોથી ઉભરાતી આ કચેરીમાં આગ લાગે તો એક્સપાયર્ડ સાધનો કેટલાં કારગત નીવડશે તે મોટો સવાલ છે. એકતરફ શહેરમાં મોકડ્રીલ યોજી જાગૃતિ ફેલાવતું તંત્ર પોતાની જ ઓફિસમાં સાધનો બદલવાનું ભૂલી ગયું છે. નાગરિકો દ્વારા તાત્કાલિક ફાયર ઓડિટની માંગ કરાઈ છે, જ્યારે આ ગંભીર મુદ્દે તાલુકા વિકાસ અધિકારીનો બે વાર ફોન પર સંપર્ક કરવા છતાં તેમણે ફોન રિસીવ કર્યો ન હતો.

### ઘલુડી પોલીસ હેડ ક્વાર્ટસમાં વૃક્ષારોપણ

કામરેજ: વિશ્વ પર્યાવરણ દિને કામરેજના ઘલુડી પોલીસ હેડ ક્વાર્ટસ ખાતે રેન્જ આઈ.જી. પ્રેમવીરસીંગ, જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢિયા સહિત પોલીસ અધિકારીઓ તેમજ કર્મચારીઓ દ્વારા વિવિધ 16 પ્રકારનાં 1200 વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

## ભરૂચ ખનીજ વિભાગના સામૂહિક દરોડા, કરોડોનો મુદ્દામાલ સીઝ

**જંબુસર** અને ઉમલ્લામાં સાદી માટી અને રેતીનું ગેરકાયદે ખનન-વહન કરતા ડમ્પર્સ અને જેસીબી ઝડપાયાં

ભરૂચઃ ભરૂચના ભૂસ્તર શાસ્ત્રીની ટીમે જંબુસર તાલુકાના ડાભા ગામે સીમ વિસ્તારમાં ઓચિંતી તપાસ કરી હતી. જ્યાં સાદી માટી ખનીજનું બિનઅધિકૃત ખનન અને વહન કરતા એક ડમ્પર નં.(GJ 06 BV 7331-ખાલી) તેમજ જે.સી.બી. કંપનીનું એક એક્સેવેટર મશીન (મોડેલ નં.JCB215) સીઝ કરવામાં આવ્યું હતું. આ આશરે રૂ.40 લાખનો મુદ્દામાલ જંબુસરના ગજેરા ગ્રામ પંચાયતની કસ્ટડીમાં સોંપવામાં આવ્યો છે.

ત્યારબાદ લુવારા ખાતે આકસ્મિક ચેકિંગ હાથ ધરી ખનીજના બિનઅધિકૃત વહન બદલ 13.32 મે.ટન સાદી રેતી ભરેલું વાહન નં.(GJ 05 CW 5481) ઝડપી પાડવામાં આવ્યું હતું. આશરે રૂ.10 લાખની કિંમતનો આ મુદ્દામાલ સીઝ કરી ભરૂચ જિલ્લા સેવા સદન ખાતે રાખવામાં આવ્યો છે. ભૂસ્તરશાસ્ત્રીની ટીમે જંબુસરના ગજેરા ગામની સીમમાં રેડ કરી સાદી માટી ખનીજના ગેરકાયદે ખનન અને વહન બદલ એક ડમ્પર નં.(GJ 17 UU 8886 - 15 મે.ટન) અને એક જે.સી.બી કંપનીનું એક્સેવેટર મશીન (મોડેલ નં.JCB3DX-ખાલી) ઝડપી પાડ્યું હતું. આ આશરે રૂ.60 લાખનો મુદ્દામાલ સીઝ કરી વેડચ પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં સોંપવામાં આવ્યો છે. ઉમલ્લા-પાણેથા રોડ પર આકસ્મિક ચેકિંગ દરમિયાન સાદી રેતીનું બિનઅધિકૃત વહન કરતાં ત્રણ વાહન ઝડપી પાડવામાં આવ્યાં હતાં, જેમાં ત્રણ વાહન પૈકી GJ 06 AU 1107 (15 મે.ટન સાદી રેતી), GJ 16 Z 9781 (18 મે.ટન સાદી રેતી) અને GJ 09 Z 2462 (20 મે.ટન સાદી રેતી)નો સમાવેશ થાય છે. આ આશરે રૂ.૩૦ લાખનો મુદ્દામાલ સીઝ કરી ઉમલ્લા પોલીસ સ્ટેશન ખાતે રાખવામાં આવ્યો છે.

ભરૂચના શુક્લતીર્થ ખાતે ખનીજના બિનઅધિકૃત વહન અંગે તપાસ કરતાં 35 મે.ટન સાદી રેતી ભરેલું એક વાહન નં.(GJ 16 AY 4485) મળી આવ્યું હતું. આશરે રૂ.25 લાખની કિંમતનું આ વાહન સીઝ કરી શુક્લતીર્થ ખાતે આવેલા જય મહાકાળી સપ્લાયર્સ સ્ટોક રજિસ્ટ્રેશન વિસ્તારમાં રાખવામાં આવ્યું છે. ભરૂચ જિલ્લા ખાણ અને ખનીજ વિભાગની આ કડક કાર્યવાહીથી ગેરકાયદે ખનીજ ચોરી કરતા તત્ત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આગામી દિવસોમાં પણ જિલ્લાના અન્ય વિસ્તારોમાં આપ્રકારે આકસ્મિક તપાસ અને કડક કાયદાકીય કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

## કીમ રેલવે સ્ટેશને યુવકોની બીયર પાર્ટી, વિડીયો વાયરલ

**વહેલી** સવારે મુસાફરોની અવરજવર, છતાં ખુલ્લેઆમ દારૂનું સેવન


કિરણ ઢોડિયા

કીમઃ સુરત જિલ્લાના કીમ રેલવે સ્ટેશન પર કાયદો અને વ્યવસ્થાને પડકારતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જાહેર સ્થળે અને મુસાફરોની અવરજવર વચ્ચે બે યુવકો ખુલ્લેઆમ બિયર પીતા જોવા મળ્યા હતા. જે વિડીયો વાયરલ થયો હતો. કીમ રેલવે સ્ટેશનના પ્રવેશદ્વાર પર શુક્રવારના સવારે ૯ વાગ્યાના આસપાસ બે યુવકો ખુલ્લેઆમ બિયરનું સેવન કરતા જોવા મળ્યા હતા. સ્ટેશન પર મોટી સંખ્યામાં મુસાફરોની અવરજવર હોવા છતાં બંને યુવકો જાહેરમાં દારૂ પીતા નજરે પડ્યા હતા. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર બંને યુવકો પરપ્રાંતીય હોવાનું ચર્ચાઈ રહ્યું છે. રેલવે સ્ટેશન જેવી સંવેદનશીલ અને જાહેર જગ્યાએ આ પ્રકારની પ્રવૃત્તિ અનેક સવાલો ઊભા કરી રહી છે. સાંજના સમયે સ્ટેશન પર શંકાસ્પદ લોકોનો જમાવડો જોવા મળતો હોવાની ફરિયાદો પણ સામે આવી રહી છે. જેના કારણે નિયમિત મુસાફરી કરતા લોકોમાં અસુરક્ષાની ભાવના ઊભી થઈ રહી છે.

### અંકલેશ્વર પાલિકાના વોર્ડ નં.8માં ઊભરાતી ડ્રેનેજથી વ્યાપક ગંદકી


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વર નગરપાલિકાના વોર્ડ નં.૮માં છેલ્લા પંદર દિવસથી ડ્રેનેજની ગંભીર સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. ઠેર ઠેર માર્ગો પર ગટરના ગંદા પાણીના ખાબોચિયા ભરાઈ જતાં સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. ગંદકી અને દુર્ગંધથી લોકોનું જીવવું દુષ્કર બન્યુ હોવા છતાં નગરપાલિકાના જવાબદાર અધિકારીઓ અને સત્તાધીશો આંખ આડા કાન કરી રહ્યા હોવાના આક્ષેપો ઊઠ્યા છે. વોર્ડ નં.8ના વિપક્ષી નગરસેવક જહાંગીરખાન પઠાણ અને બખતિયાર પટેલે મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખી પ્રાદેશિક કમિશનર (RCM) સુધી લેખિત ફરિયાદ કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## બારડોલી બસ અકસ્માતના ૬ મૃતકના શબ પરિવારને સોંપાયા

બારડોલી: બારડોલીના ઉવા ગામ પાસે તાજેતરમાં સર્જાયેલા ભયાનક બસ અકસ્માતમાં આગની જ્વાળાઓમાં હોમાઈ ગયેલા ૬ મુસાફરના મૃતદેહો આખરે ડીએનએ મેચિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેમના શોકાતુર પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. ડીએનએ રિપોર્ટ આવી જતાં કાયદાકીય પ્રક્રિયાઓ પૂર્ણ કરીને તમામ મૃતદેહો વારસદારોને સોંપવામાં આવ્યા હતા.

બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલ અને બામણી હોસ્પિટલ ખાતેથી આ તમામ મૃતદેહો મહારાષ્ટ્રથી આવેલા તેમના પરિવારજનોને સુપરત કરવામાં આવ્યા હતા. પરિવારજનોને મૃતદેહ સોંપવામાં આવ્યા બાદ બે મૃતદેહોને બારડોલીની સ્મશાનભૂમિમાં જ અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા. જ્યારે બે મૃતદેહોને સુરત અને એક દંપતીની મૃતદેહોને મહારાષ્ટ્ર તેમના વતનમાં મોકલવામાં આવ્યા હતા.

મનીષા રાજેન્દ્ર પાટીલનાં અંતિમ સંસ્કાર સુરત ખાતેની સ્મશાનભૂમિ, ધનલક્ષ્મી ગજાનન જાધવના અંતિમસંસ્કાર બારડોલી ખાતેની સ્મશાનભૂમિ, નરેશભાઈ મનોહર નેરપગરના અંતિમસંસ્કાર સુરત ખાતેની સ્મશાનભૂમિ, મધુકર યશવંત પાટીલનાં અંતિમસંસ્કાર મહારાષ્ટ્ર ખાતેની સ્મશાનભૂમિ, અર્ચના મધુકર પાટીલનાં અંતિમસંસ્કાર મહારાષ્ટ્ર ખાતેની સ્મશાનભૂમિ અને આશાતાઈ પ્રકાશ વાઘના અંતિમ સંસ્કાર બારડોલી ખાતેની સ્મશાનભૂમિમાં અંતિમસંસ્કાર કરાયાં હતાં.

## માંડવીની NPCILમાં આદિવાસી કામદારોના શોષણનો આક્ષેપ

**માંડવી** મામલતદારને યોગ્ય વેતન અને ન્યાય અપાવવા રજૂઆત


હિતેશ પટેલ

માંડવી: માંડવી સ્થિત NPCIL ખાતે ફરજ બજાવતા આદિવાસી સમાજના કુશળ કારીગરો અને શ્રમિકોને કાયદેસરના લાભો તથા યોગ્ય વેતનથી વંચિત રાખી તેમનું શોષણ કરાતું હોવાની લેખિત રજૂઆત માંડવી મામલતદારને કરવામાં આવી છે. આવેદનપત્રમાં આક્ષેપ કરાયો છે કે, કુશળ કારીગરો પાસે કુશળતાપૂર્વકનું કામ લેવા છતાં તેમને બિન-કુશળ શ્રમિકો જેટલું જ દૈનિક ભથ્થું ચૂકવાય છે, જે લઘુત્તમ વેતન ધારા અને બંધારણીય હકોનું ઉલ્લંઘન છે. મોંઘવારીના આ સમયમાં શ્રમિકોના પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે. વધુમાં, પોતાના હક માટે અવાજ ઉઠાવનાર કામદારોને અધિકારી પ્રાંજલ દત્તા દ્વારા માનસિક ત્રાસ, ધમકી અને દબાણનો સામનો કરવો પડતો હોવાની ગંભીર ફરિયાદો મળી છે. કામદારોને ગુલામી જેવી સ્થિતિમાં કામ કરવા મજબૂર કરાતા હોવાનો આક્ષેપ પણ કરાયો છે.

આ સમગ્ર મામલે તંત્ર દ્વારા ૧૦ દિવસમાં નિષ્પક્ષ તપાસ કરી યોગ્ય વેતન અને ન્યાય અપાવવા માંગ કરવામાં આવી છે. જો નિયત સમયમાં યોગ્ય કાર્યવાહી નહીં થાય, તો આગામી દિવસોમાં ઉચ્ચ સ્તરે રજૂઆત કરી લોકશાહી ઢબે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.

## સાયણની ગ્રામસભામાં આરોગ્ય બાબતે ચર્ચા



**સાયણ** આઉટ પોસ્ટને પોલીસ સ્ટેશનનો દરજ્જો આપવા બાબતે પણ રજૂઆત

સાયણ: વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે સાયણ ગ્રામ પંચાયત ખાતે સરપંચ ભાવનાબેન પટેલના અધ્યક્ષ સ્થાને ખાસ ગ્રામસભા યોજાઈ હતી. 'સાયણ ગામ હિત રક્ષક સમિતિ' દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી કરાયેલા પ્રચારને પગલે, આ વખતે ગ્રામસભામાં યુવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

સમિતિ દ્વારા આરોગ્ય, શિક્ષણ, કાયદો-વ્યવસ્થા અને જનહિતના બાકી પડતાં કામો અંગે ૩૦ મુદ્દાનું લેખિત અને મૌખિક આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં વર્ષોથી મંજૂર થયેલા આરોગ્ય સબ-સેન્ટરની કામગીરી પૂર્ણ કરવા, ૧૦૮ ઇમરજન્સી સેવાની પુન: ફાળવણી કરવા અને પીએમ રૂમની સુવિધાઓ સુધારવા માંગ કરાઈ હતી. શિક્ષણ ક્ષેત્રે સરકારી શાળાઓમાં શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા, વિવિધ સોસાયટીઓમાં પીવાના પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ અને પૂર્વ વિસ્તારમાં PNG ગેસ લાઇન આપવાની રજૂઆત થઈ હતી. કાયદો-વ્યવસ્થા માટે સાયણ આઉટ પોસ્ટને પોલીસ સ્ટેશનનો દરજ્જો આપવા, CCTV કેમેરા લગાવવા અને ટ્રાફિક સમસ્યા નિવારવા સર્કલ કે ટ્રાફિક પોઇન્ટ બનાવવાની માંગણી કરાઈ હતી.

## બારડોલીમાં અજાણ્યા વાહનની ટક્કરે યુવકનું મોત, બે ગંભીર ઘાયલ

**મીંઢોળા** નદીના બ્રિજ પાસે બાઇક સવાર ત્રણને અકસ્માત

બારડોલીઃ બારડોલીમાં મીંઢોળા નદીના બ્રિજ પાસે અજાણ્યા વાહન ચાલકે બાઈકને ટક્કર મારતાં યુવકનું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

ગત તા.૧/૬/૨૦૨૬ના રોજ બપોરના આશરે ૨:૪૫ વાગ્યાના સુમારે આ અકસ્માત સર્જાયો હતો. રોશનભાઈ રાજુભાઈ હળપતિ (ઉં.વ.૧૮), જયેશભાઈ પિન્ટુભાઈ રાઠોડ (ઉં.વ.૧૪) અને આકાશભાઈ સુરેશભાઈ રાઠોડ સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઈકલ નં.(GJ-19-BP-9698) લઈને બારડોલી કામ અર્થે ગયા હતા. મીંઢોળા નદીના પુલ પરથી પસાર થતી વખતે એક અજાણ્યા વાહને તેમની બાઈકને અડફેટે લીધી હતી અને અકસ્માત સર્જી વાહન ચાલક પોતાનું વાહન લઈ નાસી છૂટ્યો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક પર સવાર ત્રણેય યુવકો રોડ પર પટકાતાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ હાઈવે એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્તોને તાત્કાલિક જુદી-જુદી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં ગંભીર રીતે ઘવાયેલા રોશનભાઈ હળપતિને સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તા.૩/૬/૨૦૨૬ના રોજ તેનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય ઈજાગ્રસ્ત જયેશભાઈની સિવિલ હોસ્પિટલમાં અને આકાશભાઈની બારડોલીની સરદાર હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. મૃતક રોશનભાઈના બનેવી કરણ રાઠોડ (રહે.,કણાવ)ની ફરિયાદના આધારે બારડોલી ટાઉન પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## ભરૂચમાં બાઈક ચોરીની ફરિયાદ

ભરૂચઃ ભરૂચની તુલસીધામ સોસાયટીના ચિરાગ રાણાનું 40,000ની કિંમતનું સ્પ્લેન્ડર બાઈક નં.(GJ-16-CM-9335) ગત 20મી મેના રોજ ભોલાવની આનંદ રેસ્ટોરન્ટની પાછળ અદ્વૈત સ્કૂલની બાજુમાંથી ચોરાયું હતું. વીમાના કાગળો ન હોવાથી વિલંબ બાદ, આખરે 1 જૂને ઈ-FIR દ્વારા સી ડિવિઝનમાં ગુનો નોંધાવાયો છે.

## કામરેજ, નવાગામ અને વાવમાં વીજ ચેકિંગ કરાયું

**DGVCLની** 30 ટીમે ચેકિંગ કરી રૂ.25 લાખનો દંડ કર્યો

કામરેજઃ કામરેજના નવાગામ, કામરેજ અને વાવ ગામમાં ગુરુવારના રોજ વહેલી સવારથી જ દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા અલગ અલગ કુલ 30 ટીમ દ્વારા વીજ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેને લઈ વીજ ચોરી કરતાં લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. કુલ 30 ટીમ દ્વારા ત્રણેય ગામોના આશરે 1200થી વધુ વીજ કનેક્શન ચેક કરવામાં આવ્યાં હતાં, જેમાં કુલ 17 ગેરરીતિ અને વીજ ચોરીના કેસો કરવામાં આવતાં અંદાજે રૂ.25 લાખથી વધુનો દંડ કરવામાં આવ્યો હતો.

## પીલુદ્રા ગામમાં 700 વૃક્ષ રોપાયાં

અંકલેશ્વરઃ વિશ્વ પર્યાવરણ દિને અંકલેશ્વરના માતોશ્રી ચેરિટેબલ ટ્રસ્ટ અને સામાજિક વનીકરણ વિભાગના ઉપક્રમે પીલુદ્રાના તળાવ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જ્યાં ૭૦૦ વૃક્ષ રોપાયાં હતાં.

## પીપોદરા જીઆઈડીસીમાં લાશ મળી

હથોડા: પીપોદરા જીઆઈડીસીની ક્રિષ્ના બી ટેક્સટાઈલ્સ એલએલપી કંપનીની નજીક આવેલી ખુલ્લી જમીનમાં આમલીના ઝાડ નીચેથી 35 વર્ષના યુવાનની લાશ મળી આવી હતી. પોલીસે લાશનો કબજો લઈ વધુ તપાસ આદરી છે.

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૯૦/૨૦૨૬
તા.૧૧/૦૫/૨૦૨૬

વાદી :- મનુબેન તે નારણભાઇ ગામીતની દિકરી તે વિરજીભાઇ ગામીતની પત્ની, રહે.ભીલવાડા, પાનીઆમલી ફળિયું, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૨૧.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી વેરાકુઇ ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૩૦

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી મનુબેન તે નારણભાઇ ગામીતની દિકરી તે વિરજીભાઇ ગામીતની પત્ની, રહે.ભીલવાડા, પાનીઆમલી ફળિયું, તા.માંગરોળ, જી.સુરત- ૩૯૪૪૨૧એ તેઓના પિતા નારણભાઇ સરાધીયાભાઇ ગામીતનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: નારણભાઇ સરાધીયાભાઇ ગામીત ૨. મરણ તારીખ: ૦૪/૦૩/૧૯૯૬ ૩. મરણનું સ્થળ: મોજે.વેરાકુઇ, તા.માંગરોળ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે નારણભાઇ સરાધીયાભાઇ ગામીતના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૨/૦૭/૨૦૨૬ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૮૩/૨૦૨૬
તા.૧૧/૦૫/૨૦૨૬

વાદી :- જાનકીબેન મોહનભાઇ ચૌધરી તે ધનાભાઇ સોનજીભાઈની પુત્રી, રહે.ચોરાંબા, મંદિર ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૪૪૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ચોરાંબા ગ્રા.પં., તા.માંડવી, જી.સુરત-૩૯૪૪૪૦

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી જાનકીબેન મોહનભાઇ ચૌધરી તે ધનાભાઇ સોનજીભાઈની પુત્રી, રહે.ચોરાંબા, મંદિર ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૪૪૦એ તેઓના દાદી રાણકીબેન લીમજીભાઇ ચૌધરીનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: રાણકીબેન લીમજીભાઇ ચૌધરી ૨. મરણ તારીખ: ૧૬/૦૧/૧૯૬૯ ૩. મરણનું સ્થળ: મોજે.ચોરાંબા, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે રાણકીબેન લીમજીભાઇ ચૌધરીના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૯/૦૬/૨૦૨૬નાં રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

Milano MULTIPLEX
બારડોલી
Peddi
11:00am 02:30pm, 06:00pm, 09:30pm
Hai Jawani Toh Ishq Hona Hai
10:00am, 01:00pm, 03:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
He Man - Hindi - 05:30pm
Bandar
12:00pm, 04:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ ડી.ના મોજે ગામ કુડસદ ની સીમમાં આવેલ બ્લોક નંબર ૭૭૭/બ, ખાતા નંબર ૩૨૫, જેનું ક્ષેત્રફળ ૪-૭૩-૪૮ ચો.મી. વાળી બીનખેતી પ્રિમીયમપાત્ર ખેતીની જમીનના માલીક (૧) દેવીબેન કેશવભાઈ (૨) ચંદુભાઈ કેશવભાઈ (૩) સવિતાબેન કેશવભાઈ (૪) દિવાળીબેન કેશવભાઈ (૫) જગુભાઈ કેશવભાઈ (૬) શારદાબેન ડાહ્યાભાઈ પટેલ (૭) દિવ્યાબેન ડાહ્યાભાઈ પટેલ ની પુત્રી તે પંકજભાઈ ની પત્ની (૮) ધર્મિષ્ઠાબેન ડાહ્યાભાઈ પટેલ ની પુત્રી તે રાહુલભાઈ પટેલની પત્ની (૯) જતીનકુમાર ડાહ્યાભાઈ પટેલ (૧૦) ગૌરીબેન જગુભાઈ પટેલ (૧૧) રાજેશભાઈ જગુભાઈ પટેલ (૧૨) ભારતીબેન તે જગુભાઈ પટેલની દિકરી અને ઉમેશભાઈ પટેલની પત્નિ (૧૩) રમેશભાઈ જગુભાઈ પટેલ (૧૪) જયંતિભાઈ ભગુભાઈ ઉર્ફે ભગાભાઈ પટેલ (૧૫) રાધાબેન ભગુભાઈ ઉર્ફે ભગાભાઈ પટેલ ની છોકરી અને જીતુભાઈ ભકતની પત્ની (૧૬) ચેતનાબેન હરિવદનભાઈ ભગુભાઈ ઉર્ફે ભગાભાઈ ની વિધવા (૧૭) નેન્શી હરિવદનભાઈ પટેલ (૧૮) રૂદ્રકુમાર હરિવદનભાઈ પટેલ ના માલિકો ની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની ચાલી આવેલી હોવાનું જણાવી હમારા અસીલ ને વેચાણ આપવાનું નકકી કરેલ છે. અને ટુંક સમયમાં મારા અસીલ સદર ખેતીની જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. જેથી ઉપર જણાવેલ ખેતીની જમીનમાં અન્ય કોઈના કોઈ પણ પ્રકારના લાગભાગ, દરદાવો, હકકહીસ્સો, હીત-સંબધ યા લિયનના હકકો યા અન્ય કોઈના રસ્તા વપરાશના ઈઝમેન્ટના હકકો યા બેંક-મંડળી, સંસ્થા, વિગેરેના બોજા,ચાર્જે, લેણું હોય યા વેચાણ વિરુધ્ધ કોઈને વાંધો હોય તો તેમણે લેખિત પુરાવા સહીત આ નોટીશ પ્રસિધ્ધિથી દિન ૧૦ માં હમો ને નીચેનાં સરનામે લેખિતમાં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવાં કોઈ હકક, વાંધા રજૂ થશે નહી તો કોઈના હકક દાવા વિગેરે નથી, અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે, તેવું માની મારા અસીલ સદર જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં કોઈના કોઈપણ વાંધા કે તર-તકરાર ચાલશે નહી.જેની નોંધ લેશો.

**યોગેન્દ્રસિંહ પી. ખેર - કપિલ ડી. પટેલ તે ખરીદનારના એડવોકેટ**
સરનામુઃ- ઓફીસ. : ૨૨૭, સાંઈરામ કોમ્પલેક્ષ, સાધના હોસ્પીટલ સામે કીમ, તા.ઓલપાડ, જી.સુરત. પીન. ૩૯૪ ૧૧૦ ફોન નં. (મો.) ૯૭૨૭૪૩૦૯૩૩, ૯૦૧૬૫૪૩૬૬૪